નવી બાબત ૨૦૧૯-૨૦
આદર્શ નિવાસી શાળાઓ પૈકી ધોરણ-૯ થી ૧૨ સામાન્ય પ્રવાહની ૪(ચાર) શાળાઓમાં ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબત.
રૂા.૭૬.૯૮ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૮/૬૫૬૩૧૯(ન.બા.૧૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૯/૨૦૧૯

વંચાણમાં લીધા:

(૧) સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૭/૬૭૮૭૭૪-(ન.બા.૨૩)/ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૬/૧૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨/૨૦૧૮-૧૯/૫૨૨૮-૨૯

ઠ રા વ:

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓને રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી આદર્શ નિવાસી શાળાઓ મંજુર થયેલ છે. વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ઠરાવથી સરકારી આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૪(ચાર) આદર્શ નિવાસી શાળાઓ (૧) મુન્દ્રા, જિ.કચ્છ (કુમાર), (૨) લખપત, જિ.કચ્છ (કુમાર), (૩) મોડાસા, જિ.અરવલ્લી (કન્યા), (૪) પોરબંદર, જિ.પોરબંદર (કુમાર) ખાતે વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ-૧૦ (સામાન્ય પ્રવાહ)નો વર્ગ શરૂ કરવા માટે નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૦૬/૧૧/૨૦૧૮ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી ઉક્ત મુજબની ૪ (ચાર) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરી વહીવટી મંજુરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ ૪(ચાર) આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)નો વર્ગ શરૂ કરવા માટે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક વર્ગ-૩, (પગાર ધોરણ-

રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે-રૂ.૪૪૦૦/-)(માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/-)ની ૮(આઠ), સમાજ કલ્યાણ નિરીક્ષક(એકાઉન્ટન્ટ) વર્ગ-૩, (પગાર ધોરણ- રૂ.૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ-પે-રૂ.૪૨૦૦/-) (માસિક ફિક્સ પગાર રૂ.૩૧,૩૪૦/-)ની ૪(ચાર), સિનિયર કલાર્ક વર્ગ-૩, (પગાર ધોરણ- રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ-પે-રૂ.૨૪૦૦/-) (માસિક ફિક્સ પગાર રૂ.૧૯૯૫૦/-)ની ૪(ચાર) તથા જુનિયર ક્લાર્ક વર્ગ-૩, (પગાર ધોરણ- રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ-પે-રૂ.૧૯૦૦/-) (માસિક ફિક્સ પગાર રૂ.૧૯૯૫૦/-)ની ૪(ચાર) મળી કુલ ૨૦(વીસ) નવી જગ્યાઓ ઉભી કરવાની તથા તેના મહેકમ ખર્ચ અને વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ, સ્ટેશનરી, ગણવેશ, બુટમોજા અને અન્ય વહીવટી ખર્ચ કરવા માટેની રૂ.૭૬.૯૮ લાખ(સાત માસનો ખર્ચ) (રૂપિયા છોતેર લાખ અડસઠ હજાર)ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) ૨૦(વીસ) જગ્યાઓનો પગારખર્ચ તેમજ વિદ્યાર્થીઓ માટે ભોજન, બૂટ-મોજા, ગણવેશ, સ્ટેશનરી, પાંથરણનો ખર્ચ તથા આવી કોઇ ખરીદવાની થતી આઇટમો અંગે, તે અંગેના ધોરણો નિયત થયાં હોય તે સિવાય, તેવી આઇટમો અંગે નિયત ખરીદપ્રક્રિયા અનુસરીને ખર્ચ કરવાનો રહેશે. તેમજ ખરીદનીતિ મુજબ તમામ ખરીદી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-01 અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૭ SCW-08 સરકારી છાત્રાલયો/સમરસ છાત્રાલયો/ મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર.બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૧૯